બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૩ : પ્રશ્નપત્ર - ૨**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. માહાત્મ્યે સહિત ભક્તિનો ઉપાય

(૧) ☐ તપ-વૈરાગ્ય (૨) ☐ શુક-સનકાદિક જેવા સાધુનો સંગ

(૩) ☐ દીવા-મશાલ જેવા પુરુષનો સંગ (૪) ☐ નિયમ-ધર્મ

૨. કુસંગના પ્રકારો

(૧) ☐ બહારનો કુસંગ (૨) ☐ સત્સંગનો કુસંગ

(૩) ☐ અંતરનો કુસંગ (૪) ☐ વ્યવહારનો કુસંગ

૩. સેવાભક્તિથી લાભ....

(૧) ☐ ધન વધે (૨) ☐ ધર્મભાવના વધે

(૩) ☐ દોષ વધે (૪) ☐ મોક્ષ થાય

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. કેવા સત્પુરુષ થકી જ એકાંતિક ધર્મ પમાય છે ?

૨. આજ્ઞા પાળવામાં શેનો મલિન ભેગ ન ભળી જાય તેનું ધ્યાન રાખવું ?

૩. શ્રીજીમહારાજે વચનામૃતમાં 'સાતત્ય'ને બદલે કયા શબ્દોનો ઉપયોગ કર્યો છે ?

૪. દાસપણું શું સમજવાથી આવે છે ?

૫. સેવા અંગે શ્રીજીમહારાજ વચ. મ. ૫૯માં શું કહે છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** ટેલ-ચાકરી કરવી તે પણ ભક્તિ છે.

**ઉત્તર :-** ભક્તિનું તાત્પર્ય અને તેના પ્રકારો

૧. અવગુણ લેનાર દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે.

૨. જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે.

૩. હાલતાં ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય.

૪. જેને કલ્યાણ ઇચ્છવું તેને તો જેમ મોટાપુરુષ રાજી થાય તેમ કરવું.

૫. ભૌતિક કે આધ્યાત્મિક વિકાસ કે પ્રગતિ રૂંધાય.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** ધર્મ

**ઉત્તર :-** ૧. ધર્મનું તાત્પર્ય ૨. ધર્મની આવશ્યકતા ૩. શ્રીજીમહારાજનો ધર્મ પાળવા માટે આગ્રહપૂર્વક આદેશ ૪. ધર્મ દૃઢ કરવાના ઉપાયો

૧. સ્વધર્મનિષ્ઠા અર્થાત્ એકાંતિક ધર્મની વિશેષ વિભાવના ૨. આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજનો ધર્મ પાળવા માટે આગ્રહપૂર્વક આદેશ **અથવા** ૨. કુસંગથી નુકશાન

૩. મનુષ્યભાવથી ખોટ **અથવા** ૪. વૈરાગ્યથી લાભ અને વૈરાગ્ય વગર ખોટ

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. સેવાની મહત્તા અને આવશ્યકતા ૨. અભાવ, અવગુણ અને દ્રોહથી ખોટ

## વિભાગ - ૨ : 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી - ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. સ્વામીશ્રીની કલ્યાણ ભાવના.

૨. સ્વામીશ્રીએ સ્વધામગમનના આપેલા સંકેતો.

૩. 'પેખો સંતો પાંચસો, ગુણાતીત તો એક'.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૩-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. દયાનિધિ અને ક્ષમાનિધિ - ગુણાતીતાનંદ સ્વામી

૨. મૂળજી ભક્તે ઓળખાવેલું પોતાનું સ્વરૂપ

૩. મહારાજની હયાતીમાં જ સંતો-હરિભક્તોને ઓળખાયેલું સ્વામીનું સ્વરૂપ

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. આ સાધુ તો અમારા ઘરરૂપ છે.

૨. આ ગુણાતીત મને ભૂલ્યા નથી.

૩. સ્વામી ! આ ફેરે બહુ ઐશ્વર્ય વાપર્યું.

૪. અહીં શિખરબદ્ધ મંદિર કરાવો.

૫. બગલીઓ બળદ

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. સ્વામી યોગેશ્વરદાસજી    ૨. કેશવ ભગત

## વિભાગ - ૩ : 'સનાતન ધર્મ અભિગમ' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ત્રીજો વર માગતાં નચિકેતા યમરાજને ક્યો પ્રશ્ન પૂછે છે ?

૨. પ્રાણનો આશ્રય કોણ છે ?

૩. બ્રહ્મચર્ય ભંગ ના થાય તે માટે કેવો આહાર વિવેક રાખવો જોઈએ ?

૪. જરાયુજ પ્રાણીઓના કેટલા પ્રકાર છે ? ક્યા કયા ?

૫. શ્રી હીલીયાડોરાએ તક્ષશિલા વિદ્યાપીઠમાં શાની સ્થાપના કરી હતી ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. આહારશુદ્ધિમાં સ્પર્શ વિષે શ્રીજીમહારાજે વચનામૃતમાં શું કહ્યું છે ?

૨. મનુસ્મૃતિમાં પુનર્જન્મનું પ્રતિપાદન કરતાં શું કહ્યું છે ?

૩. વિભીષણે રામને ઈન્દ્રજિતના મૃત્યુ અંગે શું કહ્યું ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. કર્મફળ ભોગ

૨. મૂર્તિની પૂજા કેવી રીતે કરવી ?

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી થી વીસ લીટીમાં)** [૬]

૧. માંસાહાર અંગે વિદેશીઓના અભિપ્રાય તથા વેદોની સ્પષ્ટતા.

૨. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મચર્ય પાલનનો આગ્રહ.

✻ ✻ ✻

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**